### પાદરામાં સહકારી સંસ્થાઓમાં ભાજપમાં વધતી આંતરિક ઉથલપાથલ

# નગર નાગરિક સહકારી બેંક ચૂંટણીમાં 'મેન્ડેટ' વગર રાજકીય ગરમાવો

**ભાજપ** તરફથી સત્તાવાર પેનલ કે મેન્ડેટ જાહેર ન થતાં ચૂંટણી વધુ રસપ્રદ

(પ્રતિનિધિ) પાદરા, તા.28
પાદરા શહેર તથા તાલુકામાં સહકારી સંસ્થાઓની રાજનીતિમાં ભાજપની અંદરની ખીંચતાણ હવે ખુલ્લેઆમ સામે આવવા લાગી છે. નગર નાગરિક સહકારી બેંકની આવનારી ચૂંટણીમાં ભાજપ દ્વારા સત્તાવાર "મેન્ડેટ" જાહેર ન કરાતા સ્થાનિક રાજકારણમાં ભારે ઉથલપાથલ મચી ગઈ છે અને પક્ષની અંદર વધતા મતભેદો હવે ચર્ચાનો કેન્દ્ર બન્યા છે.

આ પરિસ્થિતિમાં કેટલાક ઉમેદવારો દ્વારા સોશિયલ મીડિયા પર પોતાની સાથે સ્થાનિક ધારાસભ્યના ફોટા મુકીને 14 ઉમેદવારોના નામ જાહેર કરી પ્રચાર શરૂ કરવો પડ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. સામાન્ય રીતે પાર્ટી તરફથી સત્તાવાર પેનલ જાહેર થતી હોય છે, પરંતુ આ વખતે તે ન થતાં કાર્યકર્તાઓમાં ગૂંચવણ અને નેતૃત્વ અંગે સવાલો ઊભા થયા છે. આ ઘટનાએ પાદરા શહેરમાં ભારે ચકચાર મચાવી છે અને ભાજપમાં આંતરિક વિખવાદ વધુ સ્પષ્ટ થયો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

નગર નાગરિક સહકારી બેંકની કુલ 14 બેઠકો માટે યોજાનારી ચૂંટણીમાં ઉમેદવારી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ફોર્મ ભરવાથી લઈ ચકાસણી અને ઉમેદવારી પત્રો માન્ય થવાની પ્રક્રિયા બાદ હાલ 20 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. તમામ ઉમેદવારો પોતાના સ્તરે પ્રચારમાં લાગી ગયા છે, પરંતુ ભાજપ તરફથી સત્તાવાર પેનલ કે મેન્ડેટ જાહેર ન થતાં ચૂંટણી વધુ રસપ્રદ અને ત્રિકોણીય બની શકે તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.

અગાઉ પાદરા બજાર સમિતિની ચૂંટણીમાં પણ સમાન પરિસ્થિતિ સર્જાઈ હતી. પૂર્વ ધારાસભ્ય અને વર્તમાન ધારાસભ્ય વચ્ચેના મતભેદોને કારણે પક્ષમાં ફૂટ પડી હતી અને બળવાખોર ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા. જેના પરિણામે ભાજપને ચૂંટણીમાં ઝટકો લાગ્યો હતો. વધુમાં, બજાર સમિતિની ચૂંટણી પૂર્ણ થયા બાદ પાંચ માસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં આજદિન સુધી પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી જાહેર કરવામાં આવી નથી, જે રાજકીય અસ્થિરતાનું સ્પષ્ટ ઉદાહરણ માનવામાં આવે છે.

સહકારી ક્ષેત્રમાં ઉભી થયેલી આ પરિસ્થિતિને કારણે હવે આગળની ચૂંટણીઓ પર પણ તેની અસર પડશે તેવું માનવામાં આવી રહ્યું છે. નજીકના સમયમાં પાદરા નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાવાની છે. તે પહેલાં જ સહકારી સંસ્થાઓમાં ઊભેલી ગૂંચવણને કારણે રાજકીય સમીકરણો ઝડપથી બદલાઈ રહ્યા છે. પક્ષની અંદરની ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને વિવિધ ગઠબંધનો અને ગોઠવણો અંગે ચર્ચાઓ તેજ બની છે.

સ્થાનિક રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ભાજપ જો આંતરિક મતભેદો પર કાબૂ નહીં મેળવી શકે તો તેનો સીધો ફાયદો વિરોધી પક્ષોને મળી શકે છે. સહકારી સંસ્થાઓમાં સર્જાયેલી સ્થિતિ આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે "ટ્રેલર" સમાન હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. હાલ પાદરા રાજકારણમાં "કોણ કોના સાથે" તે મોટો સવાલ બની ગયો છે. કાર્યકર્તાઓ અને મતદારો બંનેમાં અનિશ્ચિતતા વચ્ચે રાજકીય ગરમાવો સતત વધી રહ્યો છે.

આમ, નગર નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં ભાજપ દ્વારા મેન્ડેટ ન આપવાના નિર્ણયે માત્ર એક ચૂંટણી પૂરતું જ નહીં પરંતુ સમગ્ર પાદરા રાજકારણમાં નવી રાજકીય સમીકરણો ઉભા કરી દીધા છે અને આવનારા દિવસોમાં તેની અસર વધુ સ્પષ્ટ રીતે સામે આવશે તેવું જણાઈ રહ્યું છે.

# જિલ્લા પંચાયત છોટાઉદેપુર દ્વારા આયોજિત વહીવટી પાંખ ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ

**આયોજિત** ટુર્નામેન્ટમાં પ્રથમ વખત મહિલા ટીમો મેદાનમાં ઉતરી



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28
જિલ્લા પંચાયત છોટાઉદેપુર દ્વારા વહીવટી પાંખ વચ્ચે સૌહાર્દ અને ટીમ સ્પિરિટ વધારવાના હેતુસર ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટૂર્નામેન્ટનો શુભ પ્રારંભ જિલ્લા કલેકટર ગાર્ગી જૈનના હસ્તે કરવામાં આવ્યો હતો.

પ્રારંભ સમારોહ દરમિયાન જિલ્લા કલેકટરે ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી અને જણાવ્યું હતું કે રમતગમત માત્ર શારીરિક તંદુરસ્તી માટે જ નહીં, પરંતુ ટીમવર્ક, નેતૃત્વ અને સંકલનના ગુણો વિકસાવવા માટે પણ મહત્વપૂર્ણ છે. તેમણે ભાગ લેનાર તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ ટૂર્નામેન્ટમાં વિવિધ વહીવટી વિભાગોની ટીમો ભાગ લઈ રહી છે. સાથે પ્રથમ વખત વિવિધ વિભાગોની મહિલા ટીમો પણ ટુર્નામેન્ટમાં ભાગ લીધો છે.

આ પ્રસંગે પ્રાયોજના વહીવટદાર કલ્પેશકુમાર શર્મા, ડીસીએફ રૂપક સોલંકી, એસીએફ ફતેસિંહ મીના, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સેજલ સંગાડા સહિત જિલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ તથા રમતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સંખેડામાં 17 કરોડના 776 વિકાસ કામો મંજૂર કર્યા



(પ્રતિનિધિ) સંખેડા , તા.28
સંખેડા સેવાસદન ખાતે છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ડૉ. મનિષાબેન વકીલના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં 15% વિવેકાધીન અને 5% પ્રોત્સાહક યોજના હેઠળ રૂ. 1700 લાખના 776 વિકાસ ના કામોને મંજૂરી આપવામાં આવી હતી.

આ વિકાસ કામોમાં છોટાઉદેપુર, કવાંટ, જેતપુરપાવી, બોડેલી, નસવાડી, સંખેડા અને કદવાલ તાલુકાના કામોનો સમાવેશ થાય છે. આ કામોમાં રસ્તાઓ, પાણીની સગવડ, શિક્ષણ, આર્યવેદિક અને અન્ય સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ બેઠકમાં ધારાસભ્યો, જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષક અને વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "લોકપ્રતિનિધિઓ દ્વારા સૂચવાયેલા કાર્યો જે સીધા નાગરિકોની પ્રાથમિક જરૂરિયાતો સાથે જોડાયેલા છે, તેને પ્રાથમિકતા આપી સત્વરે શરૂ કરવા જોઈએ."

આ બેઠકમાં અગાઉના વર્ષના બાકી રહેલા કામોની પણ તાલુકાવાર અને નગરપાલિકા વિસ્તાર મુજબ વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

### છોટાઉદેપુર વન વિભાગે વન્યજીવો માટે પાણીની વ્યવસ્થા કરી

# ઉનાળામાં જંગલના કુંડ અને વોટર પોઈન્ટ્સ પાણીથી ભરાયાં

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28
છોટાઉદેપુર જિલ્લામાં કાળઝાળ ઉનાળા વચ્ચે વન વિભાગે વન્ય પ્રાણીઓ માટે પાણીની ખાસ વ્યવસ્થા કરી છે. જંગલ વિસ્તારમાં બનાવેલા કૃત્રિમ પાણીના કુંડ અને વોટર પોઈન્ટ્સ દ્વારા રીંછ, દીપડા સહિતના જંગલી પ્રાણીઓને રાહત મળી રહી છે. વન વિભાગ ઉનાળાની તીવ્ર ગરમીમાં પ્રાણીઓ તરસ્યા ન રહે તે માટે સતત પાણી ભરાવવાની કામગીરી કરી રહ્યું છે.



જિલ્લામાં ઉનાળાની ગરમીનો પ્રકોપ વધતા તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. આના કારણે જંગલ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ માટે પાણીનો પ્રશ્ન ઊભો થાય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વન વિભાગે આગોતરું આયોજન કરીને જંગલોમાં પાણીની વ્યવસ્થા ગોઠવી છે

જિલ્લાના વિવિધ જંગલ વિસ્તારોમાં કૃત્રિમ પાણીના કુંડ, સિમેન્ટના તળાવ અને વોટર પોઈન્ટ્સ તૈયાર કરાયા છે. ટેન્કર મારફતે આ પાણીના સ્ત્રોતોમાં નિયમિતપણે પાણી ભરવામાં આવે છે, જેથી જંગલના પ્રાણીઓને તરસથી બચાવી શકાય.

વન વિભાગના આ પ્રયાસથી ઉનાળાના કપરા સમયમાં વન્યજીવોને મોટી રાહત મળી રહી છે. ખાસ કરીને રીંછ, દીપડા, હરણ, સસલા અને અન્ય જંગલી પ્રાણીઓ માટે આ પાણીના કુંડ જીવનદાતા સાબિત થઈ રહ્યા છે.

# બોડેલી પોલીસે ગુમ થયેલી ટ્રેક્ટરની ટ્રોલીની ચોરીનો ભેદ ખોલીયો

(પ્રતિનિધિ) બોડેલી, તા.28
બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારના અલગ-અલગ જગ્યાએથી થયેલ ટેક્ટરની ટોલીઓની ચોરીમા ગયેલ મુદ્દામાલ તથા આરોપી સાથે પકડી પાડી ચોરીના કુલ-૦૨ વણ શોધાયેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢતી બોડેલી પોલીસ.



પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન| ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે, બોડેલી પોલીસ સ્ટેશનના માંકણી તેમજ તાંદલજા ગામેથી ટ્રેક્ટરની ટ્રોલીઓ ગણપતભાઇ અમરસીંગભાઈ બારીયા રહે. નાનીરાસ્કી તા. બોડેલી જી. છોટાઉદેપુર નાનો ચોરી કરી કોઈકને વેચાણ આપેલ હોવાની ચોક્કસ બાતમી મળતા તપાસ કરતા તે તેના ઘરે મળી આવેલ તેને પકડી બોડેલી પોલીસ સ્ટેશનમા લાવી વિશ્વાસમા લઇ પુછપરછ કરતા તે ગુનાની કબુલાત કરી હતી. આ બન્ને ટ્રેક્ટરની ટ્રોલીઓ આજથી ત્રણેક માસ ઉપર માકણી તથા તાંદલજા ગામેથી રાતના ચોરી કરી હતી. જે લઇ જઇ જેતપુરપાવી મુકામે વેચાણ આપતા બન્ને ટ્રેકટરની ટ્રોલીઓ નંગ-૦૨ ની કુલ. રૂ.૧,૧૦,૦૦૦/- નો ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરી પકડાયેલ આરોપી વિરૂધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરેલ છે.

## 10 વર્ષની ઉંમરે રાખ્યા કુલ 37 રોઝા



છોટાઉદેપુર : છોટાઉદેપુર જિલ્લામાં સંખેડા તાલુકાના પીપળસઠ ગામમાં ગૌરવની એક અનોખી ઘટના સામે આવી છે. માત્ર 10 વર્ષની નાની ઉંમરે મન્સુરી વસીમાબેન સદ્દામહુસેને ધાર્મિક શ્રદ્ધા અને સંકલ્પનો અદભૂત ઉદાહરણ પૂરું પાડ્યું છે. માહે રમઝાન દરમિયાન સતત 30 રોઝા પૂર્ણ કર્યા બાદ, તેમણે શવ્વાલ મહિનાના 6 રોઝા સાથે એક વધારાનો રોઝો રાખી કુલ 37 રોઝા પૂર્ણ કર્યા છે. નાની ઉંમરે આટલી મોટી સિદ્ધિ હાંસલ કરતા, મન્સુરી વસીમાબેન હવે ગામમાં પ્રેરણાસ્ત્રોત બની છે.

# સ્માઈલ ગ્રૂપ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેની બુકો આપવામાં આવી



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28
છોટાઉદેપુર જિલ્લાનાં છોટાઉદેપુર તાલુકાથી ૧૭ કીમી જેટલું અંતરિયાળ વિસ્તારમાં આવેલ ભીલપુર ગામે વસવાટ કરતાં લોકોની આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી છે છત્તા પણ અહીના લોકોનો અભ્યાસ પ્રત્યેનો જુસ્સો જોવા જેવો છે. શાળાના પ્રાથમિક શિક્ષક રાઠવા કાળુભાઇ ચતુરભાઈ જેઓએ આ ગામના બાહ્ય પરીક્ષાની તૈયારી કરી રહેલ વિધ્યાર્થીઓ માટે દિવસ રાત એક કરી ખુબજ મહેનત કરી અને અંતે આ મહેનત રંગ લાવી અને 80 જેટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ શારીરિક કસોટીમા ઉત્તીર્ણ થયા. શારીરિક કસોટી પાસ કર્યા બાદ પાસ થયેલા ઉમેદવારો માટે મોટો પ્રશ્ન હતો પરીક્ષા માટેના શૈક્ષણિક સાહિત્યનો ? કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી લેખિત પરીક્ષા માટેનું શૈક્ષણિક સાહિત્ય ખરીદવું એ એક જટિલ પ્રશ્ન હતો જેના ઉકેલ સ્વરૂપે સ્પ્રેડ સ્માઈલ ગ્રુપ ના હેતલબેન ચૌધરી નો સંપર્ક કરતાં તેઓએ પોતાના જન્મદિન નિમિત્તે લેખિત પરીક્ષા માટેનું તમામ શૈક્ષણિક સાહિત્ય અંતર્ગત 75 જેટલી પુસ્તકો પુરુ પાડી ભીલપુર, ચોરવાણા, વિજોલ, અછેટા, અછાલા અને ભરકુંડા ગામના અભ્યાસ માટે અતિ ઉત્સાહી એવા ઉમેદવારોના શૈક્ષણિક વિકાસમાં અસરકારક લોકભાગીદારીનું ઉત્તમ અને પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડયું. આ અમૂલ્ય યોગદાનને સન્માન આપનાર સંસ્થા નો શાળાના શિક્ષક તેમજ ગ્રામજનો એ આભાર માન્યો હતો.

### ભરૂચ જિલ્લાના આમોદમાં અંતિમયાત્રાના માર્ગને વહેલી તકે સુલભ બનાવવા લોકોની માંગ

# સ્મશાનગૃહની ઊભી થયેલી અગવડતાઓ દૂર કરવા નગરજનોની અપીલ

**ચીફ ઓફિસર** અને એન્જિનિયરને સ્થળ મુલાકાત લઈને 1.02 કરોડના વિકાસ કાર્યોને વેગ આપવા અનુરોધ

**આગામી** સમયમાં પણ સ્થાનિક આગેવાનો સાથે મળીને પાલિકામાં રજૂઆત તથા જરૂર પડ્યે આંદોલ પણ કરવામાં આવશે

(પ્રતિનિધિ) ભરૂચ, તા.28
આમોદ શહેરના સ્મશાન ગૃહના વિકાસ માટે સરકારે રૂા.1.02 કરોડની માતબર ગ્રાન્ટ ફાળવી છે, પરંતુ હાલમાં ચાલતી કામગીરીમાં કેટલીક અગવડતાઓ ઊભી થઈ હોવાથી સ્મશાનગૃહની સ્થિતિમાં સુધારો લાવવાની જરૂરિયાત વર્તાઈ રહી છે. ભાજપના પૂર્વ મહામંત્રી ભીખા લિંબચીયા અને સ્થાનિક યુવાનોએ સ્મશાનની મુલાકાત લઈને નગરપાલિકાના વહીવટીતંત્રને કામગીરી વધુ સુવ્યવસ્થિત કરવા અપીલ કરી છે.



નગરજનો ઈચ્છી રહ્યા છે કે આમોદ પાલિકાના ચીફ ઓફિસર અને એન્જિનિયર જેવા જવાબદાર અધિકારીઓ ચાલી રહેલા વિકાસ કાર્યોની નિયમિત સ્થળ તપાસ કરે, જેથી કામગીરીની ગુણવત્તા જળવાઈ રહે. એન્જિનિયરના માર્ગદર્શન હેઠળ એજન્સી દ્વારા કામગીરી થાય તે ખૂબ જ જરૂરી છે, કારણ કે તાજેતરમાં જેસીબી દ્વારા સ્મશાનની 10 બાસ્ટીલો અને નવી બનાવેલી ચેઈને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે, જેને સત્વરે રિપેર કરવાની માંગ કરી છે. હાલમાં ખોદકામને કારણે સ્મશાનમાં જવાનો રસ્તો અવરોધાયો છે, જેથી સ્થાનિક યુવાનોએ ચિંતા વ્યક્ત કરી છે કે કોઈ આકસ્મિક મૃત્યુના કિસ્સામાં અંતિમયાત્રા કાઢવામાં મુશ્કેલી પડી શકે છે, આથી આ રસ્તો વહેલી તકે ખુલ્લો કરવામાં આવે તેવી માંગ કરી છે. તંત્ર દ્વારા આ બાબતે સત્વરે ધ્યાન આપવામાં આવે તેવી આમોદ પંથકના લોકોની અપેક્ષા છે.

આ ઉપરાંત, સાંસદ મનસુખ વસાવાની ગ્રાન્ટમાંથી ફાળવાયેલા 6 લાખ રૂપિયાના ગેટનું કામ પણ છેલ્લા એક વર્ષથી અપૂર્ણ છે, જેને સત્વરે પૂર્ણ કરવા તાકીદ કરાઈ છે. ભૂમિપૂજન બાદ કામગીરી ઝડપથી આગળ વધે તે સૌના હિતમાં છે. આ મુદ્દે ભાજપના પૂર્વ મહામંત્રી ભીખા લિંબચીયાએ ચીફ ઓફિસર સાથે ટેલિફોનિક વાતચીત કરી પરિસ્થિતિથી વાકેફ કરી તાત્કાલિક અસરથી સ્મશાનના રસ્તો ક્લીયર કરવાની તથા જવાબદાર એન્જિનિયર સામે કડક પગલાં ભરવાની માંગણી કરી છે. આગામી સમયમાં પણ સ્થાનિક આગેવાનો સાથે મળીને પાલિકામાં રજૂઆત તથા જરૂર પડ્યે આંદોલ પણ કરવામાં આવશે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ**
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**જગ્યા વેચાણથી આપવાની છે.**
ભાવનગર બાભંણીયા
કોન્ટેક્ટ નં.
73831 69012

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા 1 જુલાઈ Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ Rs: 20999/= Mo 9825142005/ 9427803273 (902)

**જમીન વેચવાની છે**
1. સોલાર લાયક 66 KV નજીક 15.5 વિઘા જુની શરત નહેરની બાજુમાં અને ખેતી માટે ઉત્તમ તક
2. મહુવા, 55 ગુંઠા, કેસર કલમ, રોડ ટચ, જુની શરત
3. મહુવા 3.5 વિઘા ફાર્મ હાઉસ, રોડ ટચ, કેસર કલમ, જુની શરત, બોર, નહેરનું પાણી
9725710000

**ઓમશિવ ટ્રાવેર્લ્સ**
29- એપ્રિલ, તિરૂપતિ બાલાજી, સાત જ્યોતિલીંગ, કન્યાકુમારી, મૈસુર. દર બુધવારે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, દર ગુરૂવારે ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર, અધિક માસમાં હરિદ્વાર, ગોકુલ, મથૂરા, વૃંદાવન, બરસાણા. 12- મેં ચારધામ. 9- એપ્રિલ, અષ્ટવિનાયક, પાંચ જ્યોતિલીંગ. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**સાગર 9427113317**
એસી બસમાં 3501/- દ્વારકા, સોમનાથ, સારંગપુર, 2- એપ્રિલ,

**ભાડે આપવાની છે**
હોસ્પિટલ, મશીન લાયક જગ્યા
LH ગાયત્રી રોડ, બુટ ભવાની BRTS બસ સ્ટેન્ડની બાજુમાં, રોડ ટચ, સુરત
5200 S.Q.Fit,
Mo.87584 58045

નોકરી વિષયક

**જોઈએ છે**
સ્કૂલબસ માટે ડ્રાઈવર- 4, કંડકટર- 3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204829- 9924204827

**ઓફિસ બોય જોઈએ**
છે (શો રૂમ માટે) એરિયા- સોસ્યો સર્કલ. ઉધના શો રૂમ સમય - 9:30 થી 8:00 મોબાઈલ નંબર- 9574586088

**ભાવ એવો કે વિશ્વાસ નઈ થાય**
૧૦૪ વાર, ૧૨૫ વારના ઓપન પ્લોટ
ગૌરવ પથ રોડ પર વેચવાના છે
પાલ-ઉમરા બ્રિજની નજીક પાલમાં ફાયદાના ભાવમાં નવુ 2/3 BHK ફ્લેટ વેચવના છે.
7984818024

**બેંકિંગ ક્ષેત્રમાં**
ટેલિકોલિંગ માટે હિન્દી અને ગુજરાતી 20 Female તાત્કાલિક જોઈએ છે પગાર ધોરણ 10000 થી 20000 સુધી. 08976373893/ 09998435614 (પાર્ટ ટાઈમ નથી/ વર્ક ફ્રોમ હોમ નથી)

**ચશ્માની દુકાન માટે**
અનુભવી સ્ટાફ જોઈએ છે, ઘોડદોડ રોડ, 8460464046

**જોઈએ છે.**
એકાઉન્ટ માટે B.com થયેલ અનુભવી વ્યક્તિની જરૂર છે. કેપ્લોન ઈન્ડસ્ટ્રીઝ, જુની GIDC, કતારગામ. 9879009133

**Hiring For Job**
B.com/ B.B.A Office Work (Laskana/ Valak) 9913520220

મિલ્કત વેચવાની છે

**વેચવાનું છે**
પાર્લેપોઈન્ટ 3 BHK Full Furnished Flat વેચવાનો છે M- 9737711103

**2 BHK ફ્લેટ**
વેચવાનો. પાલનપુર ગૌરવપથ 8866660612

**ફ્લેટ વેચવાનો**
ગેસલાઈન બીજા માળે દસ્તાવેજ ૧૨ લાખ અનાવિલ શેરી સગરામપુરા 8488968543

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક આરોગ્ય વિષયક

**મોતીયાનું ઓપરેશન**
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

મિલ્કત ભાડે -વેચાણ

**હોટેલ, હોસ્પિટલ,**
બેંક, શોરૂમ, સ્કુલ, પેટ્રોલપંપ, સોલાર, પ્રોજેક્ટ લાયક જગ્યા ભાડે / વેચાણથી આપવાની 9898010948

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.